## (૨) ટ્રેક નં. ૮ : ધર્મ વિષે

✿ ધર્મ તો તેને કહીએ જે સ્વમાં વસેલો હોય. ધર્મ એ કોઈ ક્રિયાકાંડ કે રાગમાં નથી. એ તો પૂજ્ય ગુરુદેવશ્રીએ ૪૫ વર્ષ સુધી આપણને સમજાવ્યું. તો સાંભળીએ ધર્મનો મહિમા પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રીના શબ્દોમાં.

✿ માંગલિક

✿ ભક્તિ : સર્વજ્ઞનો ધર્મ સુશર્ણ જાણી, આરાધ્ય આરાધ્ય પ્રભાવ આણી,
અનાથ એકાંત સનાથ થાશે, એના વિના કોઈ ન બાહ્ય સ્હાંશે (૨)

✿ જિન એટલે દ્રવ્ય અને જૈન એટલે દ્રવ્યની સન્મુખના થયેલા પરિણામ.

✿ જૈનધર્મ એટલે જ આત્માની અનુભૂતિ થવી તે અને અનુભૂતિ તે સમ્યગ્દર્શન.

✿ ત્રણ લોકનો નાથ, આનંદકંદ પ્રભુ! ઉસકો રાગકા એકત્વકા મોહ તોડકર અંતરમેં અનુભવ આત્માકા-આનંદકા અનુભવ એ જૈનધર્મ હૈ.

✿ પ્રભુ! જૈનપંથ કોઈ વાડો નથી, એ કોઈ પક્ષ નથી. જૈનધર્મ એટલે વસ્તુનું સ્વરૂપ છે એ તો. વીતરાગી સ્વરૂપ મહાસિંધુ પ્રભુ-એનો શ્રદ્ધા, જ્ઞાન ને અનુભવ કરવો-એ જૈન. વસ્તુ જિન. વસ્તુ જિન એનો અનુભવ કરવો તે જૈન.

✿ ધર્મ એ સમ્યગ્જ્ઞાન. ધર્મ એ સ્વરૂપમાં આચરણરૂપ ચારિત્ર. ઐસે ધર્મ કરનેવાલા જીવકો, ધર્મી જો ત્રિકાળી ચીજ હૈ-ઉસમેં ઉસકી દૃષ્ટિ સ્થિર રહેતી હૈ. કભી ધ્યાનમેં ધ્રુવસે, દ્રવ્યસે કભી દૃષ્ટિ હટતી નહીં. અને દ્રવ્યસે હટ જાય તો સમ્યગ્દર્શન રહેતે નહીં.

✿ દિગંબર કોને કહેવાય? વસ્ત્ર જો વિકલ્પ હૈ, દયા, દાન, આદિ, રાગ યે પણ વિકલ્પ ભી કપડાં હૈ. ઉસસે મેરી ચીજ અમર્યાદિત ભિન્ન હૈ. ઐસી દૃષ્ટિ હો તબ તો દિગમ્બર શરૂઆતકા હુઆ. મુનિ એ તો દિગમ્બર, એ પીછે દિગમ્બર કોઈ પક્ષ નહીં. કોઈ સંપ્રદાય નહીં-એ તો વસ્તુકા સ્વરૂપ હૈ. જેમ 'દિગ' નામ 'આકાશ'. દિગંબર આકાશરૂપી અંબર હૈ. એમ ભગવાનમેં, વસ્ત્રરૂપી વિકલ્પ તો હૈ હી નહીં. પણ રાગરૂપી વિકલ્પ ભી ઉસમેં હૈ નહીં. એ તો આનંદકો નાથ પરમાત્મા.

✿ 'ઘટ ઘટ અંતર જિન વસે ને ઘટ ઘટ અંતર જૈન'-જિન સ્વરૂપી વીતરાગ મૂર્તિ અનાકુળ આનંદકા કંદ પ્રભુ! એ તો ઘટમેં વસતે હી હૈ. ઔર જૈન ઘટમેં વસતે અર્થાત્ ઉસકા અનુભવ કરકે રાગકો ને એકત્વ બુદ્ધિકો જીત લિયા ઉસકો જૈન કહેતે હૈ-'ઘટ ઘટ અંતર જિન'- વીતરાગ-મૂર્તિ ભગવાન જિનસ્વરૂપી હૈ આત્મા અને 'ઘટ ઘટ અંતર જૈન' એ જિનના અવલંબન લિયા વો જૈન. જૈન સ્વરૂપી ભગવાન આત્મા-વીતરાગમૂર્તિ પ્રભુ અનાદિ, અનંત. ઉસકા અવલંબન લિયા વો જૈન-જૈન શક્તિ, જિન વીતરાગ ઉસકા આધાર લિયા-આશ્રય લિયા વો જૈન.

✿ એ વસ્તુ જિન સ્વરૂપ. એમાં દૃષ્ટિ દે તો જૈન થા. જિન ઉપર દૃષ્ટિ દે તો જૈન થા.

✿ વીતરાગ ધર્મ તો વીતરાગ પર્યાયથી થાય અને એ વીતરાગ પર્યાય એ વીતરાગી ત્રિકાળી સ્વભાવના આશ્રયથી થાય.

✿ વીતરાગ દર્શન કોઈ અલૌકિક વાત છે, એ વિશ્વદર્શન છે. વસ્તુનું સ્વરૂપ છે તેવું જાણ્યું એવું ભગવાને કહ્યું છે.

✿ પરમ પુરુષ તારી નિકટ હોવા છતાં તે જોયા નથી. એ દૃષ્ટિ બહાર ને બહાર જ છે. એ દૃષ્ટિની પર્યાય જે છે એની દૃષ્ટિ તો બહાર ને બહાર છે. ભગવાન પૂર્ણાનંદ છે તેની તરફ જોવાને અવસર લેતો નથી અને એને જોયા વિના કોઈ દિ ધર્મ થતો નથી. કેમકે જાણનારો પરિપૂર્ણ છે એવી દૃષ્ટિમાં એ ન આવે તો ત્યાં ઠરવું કેમાં ? એ વાત તો એને રહેતી નથી.

✿ ગુણ અને ગુણીનો વિશેષ ભેદ ન પાડતાં એ ગુણી અખંડ પ્રભુ છે તેવું સામાન્ય પર દૃષ્ટિ કર તો તને સમતા અને સમ્યગ્દર્શન પ્રગટ થશે. ધર્મની પહેલી શરૂઆત ત્યાંથી થશે.

✿ શુભ ભાવ અને પર્યાય તે અસત્ય છે કેમ કે તે ત્રિકાળી ચીજ નથી. ત્રિકાળી સ્વરૂપનો ઉપયોગ કરવો એનું નામ ધર્મ છે.

✿ જ્ઞાયક જે ત્રિકાળ જ્ઞાયકસ્વભાવ. અનંત અનંત ચૈતન્ય રત્નાકર-જેમાં અનંત આનંદના સાગરથી ભરેલો પ્રભુ, તેની જેને દૃષ્ટિ થઈ છે. પર્યાય બુદ્ધિ ગઈ છે. એક અંશ વર્તમાન રાગ આદિની બુદ્ધિ ટળી અને જેની ત્રિકાળ જ્ઞાયક સ્વરૂપ એનો અંતરમાં-દૃષ્ટિમાં નિર્વિકલ્પ સ્વીકાર

થયો છે તેને અહીંયા સમકિતી અને ધર્મની પહેલી શરૂઆતવાળો કહેવામાં આવે છે.

✿ આટ આટલી ક્રિયા મુનિ નગ્ન હોકર એને તમે કહો કે એ ક્રિયા ધર્મની નહીં. એ ધર્મની નહિ ભાઈ! ધર્મની ક્રિયા તો રાગસે રહિત અંતરમેં જ્ઞાનકા પરિણમન હોના એ ધર્મકી ક્રિયા હૈ.

✿ સામાન્ય માણસને એમ થઈ જાય કે આટલા લાખ આપ્યા, લોકો પણ વખાણ કરે એટલે જાણે ધર્મ થઈ જાય. બાપુ! ધર્મ, બરમ નથી એમાં. ધર્મ ચીજ પરને આશ્રયે થતી નથી. એ તો પરાધીન છે. ભગવાન અંદર જ્ઞાનસ્વરૂપી પ્રભુ! જ્ઞાનનો ભંડાર ને જ્ઞાન સાગર છે. એનો આશ્રય લેતા એને શાંતિ અને ધર્મ પ્રગટ થાય. એ જન્મ, મરણના રહિતનો ઉપાય આ છે.

✿ ધર્મ તો અંતર અતીન્દ્રિય જ્ઞાનની મૂર્તિ પ્રભુ! ત્રિકાળી સત્તા અપની રખતે હૈ, અંદર શુદ્ધ ચૈતન્યઘન-ઉસકી દૃષ્ટિ હોકર અનુભવ હોના અને દશામેં અતીન્દ્રિય આનંદકા સ્વાદ આના, (આ) ઉસકા નામ ધર્મ.

✿ મૂળતત્ત્વ વીતરાગ-જિનેન્દ્ર દેવ, સર્વજ્ઞપ્રભુ એણે જોયેલું જે તત્ત્વ એવું કોઈએ જોયું નથી. સર્વજ્ઞ જિનેન્દ્ર સિવાય જેટલા મતો છે. જેના મતમાં સર્વજ્ઞ નથી તેના મતમાં સર્વજ્ઞ સ્વભાવી જીવની પણ પ્રતીતિ (નથી). શું કહ્યું. સમજાયું? સર્વજ્ઞ સ્વભાવ એ તળીયું છે. જેના મતમાં સર્વજ્ઞ પર્યાયપણે પ્રગટે એવા સર્વજ્ઞ જેને નથી એને સર્વજ્ઞ સ્વભાવી જે તળીયું, ધ્રુવ દ્રવ્ય એની-એને પ્રતીતિ હોતી નથી. આ તો ગંભીર વસ્તુ છે ભાઈ! આ તો કહે કે દયા પાળો ને, આ કરો ને, અહિંસા કરો, આહીં તો કહે કે પરની દયા પાળી શકતો નથી. પણ પરની દયાનો ભાવ આવે એ રાગ છે, હિંસા છે, તે આત્માની વસ્તુ નથી. એટલો તો નહીં પણ તે હિંસાને જાણવાની-રાગની જ્ઞાનની પર્યાય છે તે પર્યાય જેટલું તત્ત્વ નથી. લોકો બહારની ક્રિયા, પ્રવૃત્તિમાં જૈનધર્મ રાગમાં માની લીધો. ધર્મ વીતરાગ-માર્ગ છે. સુખનો ફૂવારો છૂટશે. એટલે કે આનંદનો સાગર છે એનું જ્ઞાન ને રાગનો અભાવ, એમાંથી તને આનંદનો ફૂવારો ફૂટશે. એનું નામ વીતરાગધર્મ અને એનું નામ મોક્ષનો માર્ગ છે, પ્રભુ! શું થાય?

✿ (વિકારી) દશા, પુણ્યને પાપકા જો વિકલ્પ ઉઠતે હૈ, વો તો રાગ હૈ. એ રાગ ધર્મેય નહી ઔર વો ધર્મકા કારણ ભી નહીં. ધર્મકા કારણ અંદર સચ્ચિદાનંદ પ્રભુ ! અતીન્દ્રિય આનંદ પિંડ પ્રભુ! ઉસકા રાગસે ભિન્ન હોકર અપના આનંદકા વેદન કરના, અતીન્દ્રિય આનંદકા અનુભવ લેના ઉસકા નામ ધર્મકી શરૂઆત કહેનેમેં આતા હૈ.

✿ જ્ઞાન ને વૈરાગ્યની એકતાથી સ્વભાવમાંથી જ્ઞાન ને આનંદ ફાટશે, ફુવારો ફાટશે, ધારા વહેશે. જો આ અનુભવનો સાધક-સ્વભાવ. આનું નામ પરમાત્માનો ધર્મ છે, બાપુ!

✿ શુભ અશુભ ભાવ અશુદ્ધ હૈ. ઉસસે ભિન્ન અંદર શુદ્ધ હોના, શુભભાવસે શુદ્ધ હોતા નહીં. ઉસકી રુચિ છોડ કર, ઉસકા આશ્રય છોડકર ત્રિલોકનાથ ચિદાનંદ પ્રભુ અંદર હૈ-ઉસકા આશ્રય કરકે ઉસમેં એકાગ્ર હોકર શુદ્ધતા પ્રગટ હોતી હૈ યે ધર્મ હૈ.

✿ પ્રથમમાં શાસ્ત્ર વાંચન, શ્રવણ, મનન હોય, પણ બધો એ શુભભાવ છે. ધર્મ નથી.

✿ અખંડ આત્મા-વસ્તુ સ્વરૂપ અંદર હૈ. એમાં વિકૃત ઉત્પન્ન હોતા હૈ પુણ્ય અને પાપ. અને વિકૃતકો અપના માનતે હૈ તો ચારગતિમેં રૂલતે હૈ. એ વિકલ્પસે રહિત મેરી ચીજ અંદર નિર્વિકલ્પ આનંદકંદ પ્રભુ પૂર્ણ હૂઁ. ઐસા દૃષ્ટિ કરકે અનુભવ કરના-ઉસકા નામ ધર્મકી પ્રથમ શ્રેણી હૈ.

✿ (અહીંયા) વિકલ્પો છૂટી જઈને-અબદ્ધ અને જ્ઞાયકનો પણ વિકલ્પ છૂટી જઈને જ્યાં સ્વરૂપમાં પુરુષાર્થથી જાય છે ત્યારે અતીન્દ્રિય આનંદ થાય છે. આનું નામ ધર્મ અને એનું નામ જન્મ, મરણથી મૂકવાનો પંથ. બાકી તો જન્મ, મરણના પંથમાં પડ્યો છે અનાદિથી. ધર્મને નામે પણ રાગની ક્રિયા કરીને સંસારને પોષે છે.

✿ ધર્મીનું ધ્યેય પૂર્ણ સ્વરૂપ આનંદ છે તે એનું ધ્યેય હૈ. એની દશામાં પૂર્ણ પ્રાપ્તિ કરું એ એનું સાધ્ય છે. એ સાધ્યનું સાધક એ પુણ્યને પાપની ક્રિયાના રાગથી ભિન્ન. અપના સ્વરૂપની સ્થિરતા, દૃષ્ટિ સ્થિરતા-એ પૂર્ણ સાધ્યનું સાધક છે. બીચમેં રાગ આતા હૈ, મુસાફર જેમ નગરકો છોડ જાતે હૈ-મુસાફર કંઈ એક નગરમેં રહેતે નહીં. જ્યાં બડાનગરમેં જાના હૈ

ત્યાં જાતે હૈ. મોટરમેં જાય, પ્લેનમેં જાય, એમ પ્રભુ આત્મા અપના શુદ્ધ ચૈતન્ય વસ્તુ પુણ્ય-પાપકા વિકલ્પસે રહિત-એ પ્રાપ્તિ કરનેકી ચીજ જો સાધ્ય હૈ. ઉસકા સાધન દ્રવ્ય વસ્તુ હૈ. એ વસ્તુકી દૃષ્ટિ અને જ્ઞાન કરનેસે સાધક દશા પ્રગટ હોતી હૈ. ઐસી સાધક દશામેં શુભભાવ આતા હૈ પણ ધર્મી ઉસકો છોડ દેતે હૈ. 'યે નહીં, યે નહીં, યે નહીં. યે મેરી ચીજ નહીં, એનાથી મેરે લાભ નહીં, વો મેરા આત્મામેં મદદગાર નહીં'.

✿ દુનિયાને ધર્મ શું છે એની ખબર જ નથી. આ તો દયા પાળવી, હિંસા ન કરવી, એમાં ધર્મ. ધૂળેય ધર્મ નથી. એવા તો રાગ અનંતવાર કર્યા. સાંભળ ભાઈ!

✿ સામાયિક કરો, પોહા કરો, ને પડિકમણા કરો, ને પૂજા કરો સિદ્ધચક્રની. આ મંદિરો બનાવો ને, અરે! બાપુ એ બધી વાતું. એની હારે વસ્તુને શું સંબંધ છે? જેને પર્યાયનો સંબંધ નથી એને પર વસ્તુનો સંબંધ ક્યાં?

✿ જ્ઞાની એટલે ધર્મી જેને આત્મામાં અનુભવનું જ્ઞાન છે. તે જ્ઞાની એટલે ધર્મી. ધર્મી એવો પ્રભુ, એને જે નિર્વિકલ્પ સ્વભાવ એવો જે ધર્મ એને આશ્રયે થતી દશા તે ધર્મ છે, તે ધર્મી છે. ધર્મી એવો જે આત્મા એમાંથી જેને ધર્મી થાવું છે. ધર્મી એવો આત્મા-ધર્મ એવા જેના ગુણો એમાંથી જેને ધર્મ કરવો છે એ દ્રવ્ય અને ગુણને આશ્રયે પર્યાયમાં ધર્મ થાય એ ધર્મી છે.

✿ આત્મા વીતરાગ પરિણતિએ પરિણમે એ કેવળીએ કહેલો ધર્મ છે. એ પણ પર્યાય છે. આ તો ત્રિકાળી ભગવાન આત્મા—એનું શરણ છે એમ અહીં કહેવું છે અને એના શરણમાં રહી શકે નહીં ત્યારે અરિહંતના શરણનો શુભ ભાવ આવે પણ એ અરિહંતનું શરણ એ પુણ્યબંધનું કારણ છે. એ મુક્તિનું કારણ નથી. તેમ વીતરાગ સ્વરૂપ પૂર્ણ પ્રાપ્ત ન થાય ત્યારે એ આવ્યા વિના ધર્મીને પણ રહે નહીં. તેથી વ્યવહારે તે શરણ છે એમ કહેવામાં આવ્યું છે.

✿ ધર્મીને પણ વ્યવહાર આવે, જ્યાં સુધી વીતરાગ થયો નથી ત્યાં સુધી એને વ્યવહાર આવે, પણ બોજો લાગે. એ દિગંબર જૈન દર્શન એ

સિવાય આ ચીજ ક્યાંય છે નહીં. જૈન દર્શન દિગમ્બર તત્ત્વ, દિગમ્બર સંતોએ અતીન્દ્રિય આનંદના ઝૂલે ઝૂલતાં ઝૂલતાં વિકલ્પ આવ્યો ને આ શાસ્ત્ર રચાઈ ગયા.

✿ પૂજા કરીએ ને ભક્તિ કરીએ ને જાત્રા કરી, એ ધર્મ તો નથી. પણ પુણ્યાનુબંધી પુણ્ય (પણ) નથી.

✿ રાગ છે એ તો પુણ્ય-પાપ તત્ત્વ છે અને ભગવાન અંદર આત્મા છે એ તો ચૈતન્ય આનંદકંદ જ્ઞાયક તત્ત્વ છે. એવા જ્ઞાયક તત્ત્વને અંતર્મુખ થઈને, દૃષ્ટિ કરીને અનુભવ કરવો એ ધર્મની પ્રથમ સીઢી છે.

✿ સમ્મેદશિખરની જાત્રા વો ભી શુભભાવ હૈ. કોઈ ધર્મ નહીં. સમ્મેદશિખર તો પ્રભુ આત્મા આનંદનો નાથ સમતા સ્વરૂપ એ સમ્મેદશિખર ઉપર આરૂઢ હો એ જાત્રા નિશ્ચયકી અહીં વાત હૈ. અસત્ય હૈ તો વ્યવહાર હૈ. પુણ્ય બંધકા કારણ હૈ, અશુભથી બચનેકો ઐસા આતા હૈ વો ધર્મ નહીં. ગિરનારની જાત્રા કરે ને-સમ્મેદશિખરની જાત્રાઓ લાખ કરોડવાર કરે ને. એ કાંઈ આત્મા નથી, એ તો રાગ છે. પ્રભુની જાત્રા કરે. અંદર આનંદનો નાથ, આનંદકંદ છું એના ઉપર ચઢે એ જાત્રા છે. જાત્રા તો ભગવાન ત્રણ લોકનો નાથ આનંદ સ્વરૂપ પ્રભુ! એનો આશ્રય લઈને ઠરવું એ જાત્રા છે (શુભભાવ) આવે, અશુભથી બચવા, પણ એ ધર્મ નહીં.

✿ શાંતિ અને ધર્મ તો ત્યાં હૈ, જ્યાં વ્યવહારકા રાગસે ભી ઉદાસ હૈ. પ્રભુ ! તેરા પંથ શાંતિકા તો આ હૈ-શરીરકી ક્રિયાસે તો ભિન્ન ઉસસે તો મૈં ઉદાસ, ચાહે સો બનો ઉસમેં, મેરા કોઈ અધિકાર હૈ નહીં. ઔર પુણ્ય-પાપકા ભાવ ભી ચાહે સો હો, મેરા ઉસમેં અધિકાર નહીં. મૈં તો ઉસસે ઉદાસ હૂઁ, ઉસસે મૈં વિરક્ત હૂઁ ઔર મેં તો જ્ઞાન ને આનંદ સ્વભાવસે ભરા પડા જ્ઞાતા હૂઁ, ઐસી નિવૃતદશામેં શાંતિ હૈ, ત્યાં ધર્મ હૈ, જૈન ધર્મ કોઈ સંપ્રદાય નહીં. કોઈ વાડો નહીં, વસ્તુકી સ્થિતિ હૈ.

✿ પ્રભુ ! જૈન સ્વરૂપ હી આત્મા, જ્ઞાતા કહો કે જૈન સ્વરૂપ કહો, એ રાગસે ઉદાસ હૈ ઔર સ્વભાવસે અભિન્ન ભરા પડા હૈ ઐસી નિવૃત્તદશામાં શાંતિ મિલતી હૈ. મૈં ઉદાસ પરસે હૂઁ, મૈં જ્ઞાતાદૃષ્ટા હૂઁ,

ઐસી નિવૃત્તિદશામેં શાંતિ હૈ. પરકા અકર્તા હૂઁ. સ્વયં અપનેકો મૈં જાનનેવાલા હૂઁ. આ મોક્ષમાર્ગકી પરિણતિ ધારા વહેગી તબ તો સાધકદશાકી શરૂઆત હોગી. ધર્મની સાધકદશાકી શરૂઆત હોગી. અતીન્દ્રિય આનંદકી બાઢ આ જાના, એ દશ પ્રકારકા ધર્મકા સાર યે હૈ.

ભક્તિ : નિર્ગ્રંથોકા માર્ગ, નિર્ગ્રંથોકા માર્ગ હમકો પ્રાણોસે ભી પ્યારા હૈ,
દિગંબર વેશ ન્યારા હૈ-નિર્ગ્રંથો. (૨)

✿ અનંત આનંદ, અનંત શાંતિ જ્યાં પ્રગટ હો પર્યાયમાં. અનંતકાળમેં કભી શાંતિ નહીં પ્રગટ હુઈ ઐસી શાંતિ કા તો ભંડાર ભગવાન હૈ. એ તરફ ઝૂકનેસે પર્યાયમેં વર્તમાનમેં ભી શાંતિ આતી હૈ. યે શાંતિ આતી હૈ વહ ધર્મ હૈ. ગૃહસ્થ-અવસ્થા હૈ ત્યાં જિસકો અંતરમેં આનંદસ્વરૂપ ભગવાન-ઉસકા અનુભવ હુઆ હો વો ઉસકો ગૃહસ્થાશ્રમમેં ધર્મી કહેનેમેં આતા હૈ.

✿ અનંત અનંત અનંત અનંત ગુણકા પિંડ આનંદકા નાથ-ઉસકા સ્મરણ આના, અંદરમેંસે ઉસકા અનુભવ હોના, વહી પ્રથમ દર્જેકા ધર્મ હૈ.

✿ સંયોગ, રાગ ને નિમિત્ત આદિકા લક્ષ છોડકર પર્યાય વર્તમાન હૈ ઉસકા ભી લક્ષ છોડ કર, મુક્તસ્વરૂપ અબદ્ધસ્પૃષ્ટ કહેતા નાસ્તિસે બાત કિયા હૈ, નિશ્ચયસે મુક્ત સ્વરૂપ હૈ, નિર્વાણ સ્વરૂપ જ- મુક્ત સ્વરૂપ ભગવાન વર્તમાનમેં હૈ, ત્રિકાળ મુક્ત સ્વરૂપ હૈ. ઐસા અંતરમેં અનુભવ હોના-એ સંપૂર્ણ જિનશાસનકી અનુભૂતિ. ધર્મી જીવે ઐસા. પહેલા અનુભવ કરના-ધર્મ કરના હો ઉસકો 'મૈં મુક્ત હી હૂઁ.' અબદ્ધ કહો કે મુક્ત કહો. ભગવાન એમ કહેતે હૈ કે આત્મા અબદ્ધ હૈ ઈસકા જો અનુભવ કરે વો જૈન શાસન હૈ.

✿ ભગવાન અરાગસ્વરૂપ, મુક્તસ્વરૂપ, અબંધસ્વરૂપ-ઉસકો જિસને દેખા, એ શુદ્ધ ઉપયોગમેં જિસને દેખા, એ શુદ્ધ ઉપયોગ જૈનશાસન હૈ.

✿ જૈનશાસનમેં જો કહા, કહેના હૈ યે સબ ઉસકે અનુભવમેં આ ગયા વો ધર્મી કહેનેમેં આતા હૈ. ઉસકો જ્ઞાની કહનેમેં આતા હૈ. જ્ઞાની ક્યા કિયા? અખંડ જ્ઞાયકભાવકા એકત્વ કિયા હૈ-'ગ્રહણ કિયા'કા અર્થ એકત્વ કિયા હૈ. ત્રિકાળી જ્ઞાયકભાવમેં એકત્વ બુદ્ધિ કિયા-ઉસકો

'આત્મા ગ્રહણ કિયા' એમ કહેનેમેં આતા હૈ-ચૈતન્યકા અસ્તિત્વ, ચેતનકા અસ્તિત્વ- ધ્રુવ-ધ્રુવ-ધ્રુવ-ધ્રુવ, સત્તા અસ્તિત્વ હૈ-ઉસકો ધર્મીએ પકડ લિયા હૈ-કરના હૈ, કરના હૈ, વો તો ઉસકો ધર્મીકો (અસ્તિત્વ) પકડના હૈ.

✿ વ્યવહાર ધર્મકા અર્થ હી ઈતના કે વીતરાગ સ્વભાવમેં નહીં રહ શકતે તબ વિકલ્પ આયા તો ઉસકો વ્યવહાર ધર્મ કહેનેમેં આતા હૈ- નિશ્ચયસે અધર્મ હૈ. મીઠી ભાષાથી કહીએ તો તે પુણ્ય છે ને કડક ભાષાથી કહીએ તો તે અધર્મ છે.

✿ આત્મા રાગસે ભિન્ન તો દયા-દાન વ્રતના વિકલ્પસે ભિન્ન-અપની ચીજકા અનુભવ કરે ઉસકા નામ 'અનુભૂતિ' નામ 'આત્મ જૈનધર્મ' હૈ.

✿ સનાતન વીતરાગ વિશ્વદર્શન એ આ દિગંબર દર્શન હૈ. બાકી તો બધા વાડા બાંધીને-ધર્મથી ભ્રષ્ટ થઈને નવા વાડા બાંધ્યા છે.

✿ આનંદનો સાગર પ્રભુ! બિરાજે છે ને તારો નાથ. ત્યાં ઉંડે ઉંડે જા, રાગકો છોડ, પર્યાયકો છોડ ને અંદર જા. જૈન ધર્મ જ આ હૈ.

✿ ચાહે તો ત્રણ લોકના નાથના દર્શન કરે ને સાક્ષાત્. (વો) શુભભાવ હૈ, ધર્મ નહીં. કેમકે પર તરફના લક્ષવાળો ભાવ હૈ. અપના ચૈતન્ય- મૂર્તિના અંતરમા લક્ષવાળો ભાવ એ ધર્મ હૈ.

✿ પૂજા કરે એ રાગ હૈ, ક્રિયા જો હોતી હૈ સ્વાહા એ તો જડકી, પણ અંદર (જે) રાગ હૈ શુભ. (યે) બંધકા કારણ હૈ, ધર્મ નહીં.

✿ વિકલ્પ હૈ વો રાગ હૈ-વાણી તો જડસે હોતી હૈ આ. આત્માસે નહીં, વિકલ્પ આતા હૈ વો રાગ હૈ, દુઃખ હૈ.

✿ વીતરાગ માર્ગ વીતરાગ ભાવસે ઉત્પન્ન હોતા હૈ-રાગ એ કોઈ ધર્મ નહીં-(શુભભાવ)આતે હૈ, અશુભસે બચનેકો-પણ એ અધર્મ હૈ.

✿ ભગવાન જે આત્મા હૈ વો તો શાંત-શાંત-વીતરાગ અકષાય સ્વરૂપ હૈ, વસ્તુ હૈ, 'જેમ નિર્મળતા રે સ્ફટિક તણી, તેમ જ જીવ સ્વભાવ રે, શ્રી જિનવીરે રે ધર્મ પ્રકાશીયો, પ્રબળ કષાય અભાવ રે.' ભગવાન અકષાયસ્વરૂપ, શાંતસ્વરૂપ પ્રભુ! આ ઉસકા આશ્રય કરકે જે પરિણતિ અકષાય હુઈ એ ધર્મ હૈ-શાંતિમય વસ્તુ હૈ. એ શાંતિમય વસ્તુ કે

આશ્રયસે જો પર્યાયમાં તો શાંતિ હુઈ-અકષાયભાવ એ ધર્મ હૈ-

✿ (વો) તુમ વીતરાગસ્વરૂપી જિનબિંબ અંદર હૈ. (આ) ઉસકા આશ્રય લે તો તેરેકો સમ્યક્દર્શન હોગા. ધર્મકી શરૂઆત ત્યાં સે હોગી-બાકી લાખ વાર વ્રત ને તપ અને ભક્તિ ને ક્રિયા કર, એ સબરાગ હૈ ધર્મ નહીં. રાગ કી રુચિ છોડકર જ્ઞાયક સ્વરૂપ ભગવાન પૂર્ણાનંદ પ્રભુ! ઉસકી રુચિ જમ જાતી હૈ. આ ધર્મકી શરૂઆત પહેલી.

✿ 'ઘટ-ઘટ અંતર જિન વસે અને ઘટ-ઘટ અંતર જૈન'. જૈનપણું એ કોઈ બાહ્ય ચીજ નહી હૈ. એ જિનસ્વરૂપી ભગવાન. ઉસકા સ્વીકાર કરના પર્યાયમેં અને વીતરાગતા અને સમ્યગ્દર્શન હો એ જૈન હૈ. જૈન કોઈ પક્ષ ને સંપ્રદાય નહીં. અંતરમેં જિનપણા હોતા હૈ. આ બહાર ક્રિયા કિયા અને ભક્તિ કિયા ને પૂજા કિયા માટે જૈન (હૈ) ઐસા હૈ નહીં.

✿ ધર્મ એ ચીજ કોઈ અપૂર્વ હૈ-શરીર, વાણી, મનસે તો ધર્મ હોતા નહીં. કર્મકા ઉદય સે તો ધર્મ હોતા નહીં. કર્મકા ઉદય તરફકા રાગ હોતા હૈ ઉસમેં ભી ધર્મ હોતા નહીં. પણ સ્વતરફકા-એ તો જ્ઞાનઘન, વિજ્ઞાનઘન, જ્ઞાયકભાવ, સ્થાયીભાવ, ધ્રુવ ભાવ, નિત્યભાવ, ઉસમેં આ 'મૈં ઐસા હૂઁ ને ઐસા હૂઁ' ઐસા રાગકા વિકલ્પ ઉઠાના-એ સબ બંધકા કારણ હૈ.

✿ ધર્મી ઉસકો કહીએ કે જિસે અમર્યાદિત ભગવાન આત્માકા સ્વભાવ ઉપર દૃષ્ટિ ચોંટ ગઈ હૈ-અમર્યાદિત સ્વભાવ પર દૃષ્ટિ પડી હૈ, મર્યાદિત કાર્યમેં દિખે પણ વો તો અમર્યાદિત કાર્યમેં ઝૂલતે હૈ.

✿ એ જ્ઞાનની પર્યાય ને આનંદની પર્યાયમાં ધર્મી વિચરતે હૈ. ભારે કામ ભાઈ! એ લડાઈ કરવાના કાળે પણ સમકિતી દીખે, ચક્રવર્તી-શાંતિનાથ, કુંથુનાથ, અરહનાથ ચક્રવર્તી થા, સાધતે થે છ ખંડ, પણ અંતરમેં તો દૃષ્ટિમેં, જ્ઞાનમેં હી થા. એ રાગમેં ને પરકી ક્રિયામેં આયા હી નહીં. (તો) આવી શરતોવાળો સમ્યગ્દર્શન ધર્મ છે.

✿ ભગવાન જ્ઞાન મુખ્યસે અનંત ગુણ વસ્તુ ઉસમેં સન્મુખ હોકર એકાગ્રતા હોના, રાગસે અને નિમિત્તસે વિમુખ હોકર-એ કર્તવ્ય હૈ. એ કાર્ય ધર્મીકા હૈ.

✿ જો તારે હિત કરવું હોય, ધર્મ કરવો હોય અને ભવનો અંત લાવવો હોય તો તારું કાર્ય આ છે. તત્ત્વ અનુસારી. એ જ્ઞાયક સ્વરૂપ, આનંદ સ્વરૂપ, પૂર્ણ ઈશ્વર, પરમ પ્રભુ સ્વરૂપ, પરમેશ્વર સ્વરૂપ-એને અનુસરીને પરિણમન કરવું એ તારું કાર્ય છે. ધર્મીનો ધર્મ આ છે.

✿ પુણ્ય અને પાપના વિકારી ભાવ તો અનાદિથી પ્રાપ્ત થયા છે. એ સંસાર છે, દુઃખ છે, પરિભ્રમણનું કારણ છે. સમકિતી જ્ઞાનીને પણ અંતરમાં ઠરી શકે નહીં એટલે શુભ ભાવ-અશુભથી બચવા આવે. એ આવે પણ છતાં એ ધર્મ નહીં.

✿ અશુભભાવ આવે એ પણ તો અધર્મ છે. શુભભાવ મંદ-થોડો અધર્મ. આ વિશેષ અધર્મ.

✿ લોકો કહે કે દયા પાળવી, વ્રત કરવા અને ભક્તિ કરવી-એ જૈનધર્મ. બાપુ! એ જૈનધર્મ નહીં. એ તો રાગનો ધર્મ છે. જૈનધર્મ વીતરાગ સ્વભાવ પડ્યો છે ને અંદર. ચારિત્ર સ્વભાવ કહો, વીતરાગ સ્વભાવ કહો કે અકષાય સ્વભાવ કહો-એ પણ અપરિમિત શક્તિથી ભરેલો છે.

✿ પરના આશ્રયે થતાં વિકલ્પો-રાગ, એ પરાધીનતા, પરવશતા એ દુઃખરૂપ, એને ધર્મ માનવો એ તો મિથ્યાશ્રદ્ધાને પોષણ આપવાનું છે વધારે, ઝેરને પોષણ આપવાનું છે-બાપુ!

✿ આ ક્રિયાકાંડ કર્યા અને દયા પાળી અને ભક્તિ કરી ને, વ્રત કર્યા એ તો શુભરાગની ક્રિયાઓ છે. એ કોઈ ધર્મ નથી ને ધર્મનું કારણ પણ નથી. એ કરતા-કરતા, ઝેરને પીતા-પીતા, કસ્તુરીના ઓડકાર આવે એવું છે. લસણ ખાતા, ખાતા કસ્તુરીના ઓડકાર આવે તો એ રાગની ક્રિયા કરતા કરતા ધર્મ થાય.

✿ ચૈતન્યસ્વરૂપ ભગવાન-અતીન્દ્રિય આનંદ ને અતીન્દ્રિય જ્ઞાનને અતીન્દ્રિય ઈશ્વરતાથી ભરેલો પ્રભુ-ઉસકી દૃષ્ટિ હોકર અનુભવ હુઆ-ઉસકા નામ સમ્યગ્દર્શન ને ધર્મની શરૂઆત હૈ.

✿ વ્રત અને તપ અને ઉપવાસ અને ત્યાગ અને ભગવાનના દર્શન ને પૂજા-એ તો બધો રાગ છે. પ્રભુ! તને ખબર નથી. એ તો રાગ તો એવો અનંતવાર કર્યો છે. એ કોઈ ધર્મ નથી. તેમ આ ધર્મનું કારણ પણ નથી.

ધર્મનું કારણ તો ત્રિકાળી શુદ્ધ શાશ્વત આત્મતત્ત્વ એ ધર્મનું કારણ.

✿ વો રાગકી જિસકો મહિમા આતી હૈ ઉસકો નિર્વિકાર, ચૈતન્ય ભગવાનકી મહિમા હૈ નહીં. ઔર જિસકો ચૈતન્યનિર્વિકારકી મહિમા હૈ-ઉસકો રાગકી મહિમા આતી નહીં. કે મૈં શુભભાવ ઐસા કિયા ને ઐસા કિયા યે મહિમા ધર્મીકો આતી નહીં.

✿ ધર્મ એવો જે વીતરાગભાવ એને રાગભાવથી નિવૃત્તિ ને રુચિથી, દૃષ્ટિથી, આશ્રયથી-દૃષ્ટિના આશ્રયથી નિવૃતિ લઈ આનંદના નાથમાં આશ્રય લીધો ત્યાં જ્યાં અપૂર્વ શાંતિ આવે-એને ધર્મ કહીએ.

✿ ધર્મ એ આત્માનો ત્રિકાળી સ્વભાવ-એનો ધરનાર ધર્મી એટલે આત્મા. એના સ્વભાવના પ્રત્યેનું વલણ થઈ અંતરમાં એકાગ્રતા થઈ અને નિર્મળ શ્રદ્ધા, જ્ઞાન થાય તેને જ્ઞાનીનું પરિણમન કહેવામાં આવે છે. રાગ આદિ એ કાંઈ જ્ઞાનીનું પરિણમન નથી. એ વિકાર છે તેને જાણનારો જ્ઞાન, જ્ઞાતા દૃષ્ટાપણે પરિણમતા તેનું જ્ઞાન થાય છે, એથી ધર્મી વસ્તુ જે ત્રિકાળી પરમસ્વભાવ ભાવ, જ્ઞાયકભાવ, ધ્રુવભાવ, અભેદભાવ-તેની દૃષ્ટિ થવાથી તે સમ્યગ્દૃષ્ટિ થાય છે.

✿ જેને રાગની રુચિ છૂટી ગઈ છે, પર્યાયની રુચિ છૂટી ગઈ છે અને ત્રિકાળી ભગવાન પૂર્ણાનંદનો નાથ પ્રભુ-એની જેને દૃષ્ટિ ને અનુભવ થયો છે એને ધર્મી કહેવામાં આવે છે.

✿ ધર્મ તો આત્માકે શુદ્ધભાવસે હી હોતા હૈ-શુભભાવસે ધર્મ નહીં હોતા. ધર્મની દશા જેને કહીએ પરમાત્મા જિનેશ્વર દેવ એ વીતરાગ પર્યાય છે એ ધર્મદશા છે. સમ્યગ્દર્શન, જ્ઞાન એ બધી વીતરાગી પર્યાયો છે.

✿ વિશ્વ નામ સમસ્ત પદાર્થોમેં સાર મેં સાર તો પ્રભુ આત્મા હૈ. પર પદાર્થ તો પરમેં હૈ. ઉસમેં અપને ક્યા સાર આયા ? આ કોઈ પક્ષ નહીં, આ તો વસ્તુકા સ્વરૂપ હૈ.

✿ ભગવાન આત્મા અનાકુળ આનંદ પ્રભુ હૈ-સુખરૂપ હૈ, અકષાય સ્વભાવ એટલે શાંતભાવ હૈ-શુભભાવ તો કષાયભાવ હૈ-'કષ' નામ સંસારનો 'આય' નામ લાભ. શુભભાવ તો સંસારનો લાભ હૈ. સંસારકા લાભ હૈ ઉસમેં. રખડનેકા. શુભભાવ તો નિગોદમેં ભી હોતા હૈ. લીલ,

ફૂગ, કાય અનંત જીવ હૈ ત્યાંય શુભ તો હોતા હૈ. ક્ષણમેં શુભ અને ક્ષણમેં અશુભ હોતા હૈ. અનંતકાળસે ઐસા ભાવ આયા, વો કોઈ ચીજ નહીં-ધર્મ નહીં-મનુષ્યપણે ભી શુભ આયા વો કોઈ ધર્મ નહીં. ધર્મક્રિયા, શુદ્ધતા, પવિત્રતા, આનંદની વેદન દશા, એ ધર્મક્રિયા એ ત્રિકાળી સામાન્યને અવલંબે થાય છે.

✿ આ ભગવાન પોતે ધર્મ સ્થાનક છે. એ આનંદનો નાથ પૂર્ણાનંદ પ્રભુ એ ધર્મનું સ્થાનક છે. ત્યાં એકાગ્ર થતા શાંતિ અને આનંદ મળે એવું છે.

✿ અપના ચૈતન્યસ્વરૂપકી પ્રતીત હોકર જ્ઞાન હુઆ અથવા અપના ત્રિકાળી સ્વરૂપકા જ્ઞાન હોકર પ્રતીત હુઈ. અપની જ્ઞાનકી પર્યાયમેં જ્ઞાયક ત્રિકાળકા જ્ઞાન હોકર પ્રતીતિ હુઆ ઉસકા નામ ધર્મી અને સમ્યગ્દષ્ટિ કહેનેમેં આતા હૈ.

✿ ચારે અનુયોગનો સાર વીતરાગતા છે. રાગથી જે ધર્મ માને એ અન્યમત છે એ જૈન મત જ નથી. જૈન મત તો વીતરાગમૂર્તિ પ્રભુ-એ વીતરાગ પર્યાયે તેને ધર્મ થાય, એનું નામ જૈનધર્મ ને જૈનમત છે. ધર્મ તો મોહ, ક્ષોભરહિત પરિણામ તે ધર્મ છે. સ્વરૂપની તરફની સાવધાનીના પરિણામ એ મોહરહિત અને ક્ષોભરહિત. પુણ્ય-પાપના રાગ તે ક્ષોભ છે. શુભ ભાવ પણ ક્ષોભ છે. એનાથી રહિત અંતર ભગવાન આનંદના નાથનું અવલંબન લઈને જે પરિણામ પ્રગટ થાય-તે શુદ્ધ છે. તે વીતરાગી પરિણામ છે. તે જૈનધર્મ છે.

✿ જે ધર્મ સ્વભાવ ધર્મીમાં છે-જે ધર્મી એવો દ્રવ્ય-એનો ધર્મ સ્વભાવ અંદર ગુણ છે એને અવલંબે પર્યાયમાં ધર્મ થાય છે. ધર્મી એવો આત્મા તેમાં રહેલા અનંતા ગુણો એવો જે ધર્મ એનો, એવા ત્રિકાળી ધર્મનો ધરનાર ભગવાન એના આશ્રયે ધર્મની પર્યાય પ્રગટ થાય છે.

✿ જૈનદર્શન એ તત્ત્વનું દર્શન છે. તત્ત્વદર્શન છે. વિશ્વદર્શન છે. સ્વભાવને બતાવનારું દર્શન છે.

(પ્રમાણ વચન ગુરુદેવ)